ગાંધીનગર સમાચાર

સે-૨૧ જીમખાના ખાતે તરણ સ્પર્ધાનો પ્રારંભ

# સિવિલમાં લેબોરેટરી ત્રીજા માળે ખસેડાઈ

## વર્ષોથી એક જ સ્થળે કાર્યરત લેબ ઓપીડી બિલ્ડીંગમાં લઈ જવાતા દર્દીઓને હાલાકી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ષોથી ગ્રાઉન્ડ ફલોર પર લેબોરેટરી કાર્યરત હતી. પરંતુ તાજેતરમાં આ લેબની જગ્યાએ રીનોવેશનનું કામ હાથ ધરવાનું હોવાથી લેબના સ્થળમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હોસ્પિટલમાં ગ્રાઉન્ડ ફલોરથી લેબ નવા ઓપીડી બિલ્ડીંગના ત્રીજા માળે શીફટ કરવામાં આવતા દર્દીઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. હોસ્પિટલમાં લેબોરેટરી નીચે ગ્રાઉન્ડ ફલોર પર રાખવામાં આવે તેવો શૂર દર્દીઓ તેમજ સગાઓમાં ઉઠવા પામ્યો છે.

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ સારવાર માટે આવે છે. હોસ્પિટલમાં દર્દીઓની મળતી સેવામાં વધારો કરવામા આવ્યો છે. મેડીકલ કોલેજ બનતા દર્દીઓ માટે પાંચ માળની અતિ આધુનિક ઓપીડી બિલ્ડીંગ અને આઠ માળની ઈન્ડોર બિલ્ડીંગ તૈયાર કરવામાં આવી છે. સંકુલ ખાતે તંત્ર દ્વારા અન્ય સુધારા વધારા પણ કરવામાં આવી રહ્યા છે. દર્દીઓને પ્રાપ્ત થતી માળખાકીય સુવિધામાં વધારો કરવા માટે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલની વર્ષોથી એક જ સ્થળ પર કાર્યરત લેબોરેટરીને રીનોવેશનના ભાગરુપે ઓપીડી બિલ્ડીંગના ત્રીજા માળે કામચલાઉ ખસેડવામાં આવી છે. પરંતુ નવા બિલ્ડીંગમાં સારવાર લેતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. રાત્રીના અંધકારના સમયે સુના લાગતા ઓપીડીમાં માત્ર ઉજા માળે લેબ જ કાર્યરત હોવાથી ત્યાં જતા દર્દીઓ અને સગાઓ પણ ડર અનુભવી રહ્યા છે.જયારે કેટલાક દર્દીઓ લેબની શોધખોળ કરતા પણ કંટાળી જાય છે. હોસ્પિટલમાં આવતા દર્દીઓ મોટેભાગે અશકત હોય છે તેવી પરિસ્થિતિમાં ગ્રાઉન્ડ ફલોર પરથી ઉજા માળે લેબ ખસેડવામાં આવતા દર્દીઓએ પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે લેબ નીચે ગ્રાઉન્ડ ફલોર પર રાખવામાં આવે તેવો શૂર દર્દીઓ તેમજ સગાઓમાં ઉઠવા પામ્યો છે. અત્યારે હાલ તો મન કમને દર્દીઓ તેમજ સગાઓ ત્રીજા માળે જઈ લેબ ટેસ્ટ કરાવી રહ્યા છે.

### @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે 'ધ વેઈટીંગ રૂમ્સ' નાટક યોજાશે.

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં સાંજે ૫.૦૦થી ૮.૩૦ કલાક દરમિયાન કેશાલંકાર શોભાના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦થી ૭.૧૫ કલાક દરમિયાન ગુલાબી ઘટાના હિંડોળા યોજાશે.

● સે-૨ સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રવિવારના રોજ સ્ટોનના હિંડોળા યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળના દર્શનાબેન ઉપાધ્યાયના મધુર કંઠે ભાનુબેન અટોદરીયાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૧૩/૧ ઓમકારેશ્વર મહાદેવ પાસે સે-૪-એ ખાતે બપોરના ૩ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● સે-૨૨ જૈન દેરાસર ખાતે સવારે ૯.૦૦ કલાકે 'દશ્ય દુનિયાના અદશ્ય કારણો' વિષય ઉપર જાહેર પ્રવચન યોજાશે.

● ધી અંબર કો.ઓ. ક્રેડિટ એન્ડ સપ્લાય સો.લી. ગાંધીનગર દ્વારા સવારે ૯.૦૦ કલાકે સે-૧૨, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરાશે.

● સંસ્કાર ગૃપની બેઠક સાંજે ૬.૩૦ કલાકે સે-૭નો બગીચો, સુવિધા કચેરી પાસે યોજાશે. જેમાં વરુણ દેવની પ્રાર્થના, સામાન્ય જ્ઞાનની ચર્ચા તથા સે-૭ બગીચાનું સફાઈ કાર્ય કરવામાં આવશે. બેઠકમાં સભ્યોને હાજર રહેવા પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે.

## ગુજરાતના બ્રિજ અને બિલ્ડીંગ્સના ડિઝાઈનર પંકજ ગાંધી વય નિવૃત્ત

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં ૧૯૮૦થી કાર્યરત એકઝીકયુટીવ એન્જિનીયર પંકજ ગાંધી આજે વયન નિવૃત્ત થાય છે. આલેખન વર્તુળમાં એમનો સ્પર્શ પામેલી અનેક રોડ, બ્રિજ અને બિલ્ડીંગ્સની ડિઝાઈન પ્રશંસા પામી છે.



પોતાનું બી.ટેક. એન.આઈ.ટી. ભોપાલ અને એમ.ટેક. આય.આય.ટી. રૂરકીમાંથી કરનારા પંકજ ગાંધીને ભૂજમાં આવેલા ભૂકંપ વખતે એમના દ્વારા કરાયેલી ડિઝાઈનના સ્ટ્રકટર અડિખમ રહેતા અમેરિકાની અર્થકવેક માટે કાર્યરત સંસ્થા બર્કલી યુનિવર્સિટીએ વિશેષ પ્રશસ્તીપત્ર આપ્યું હતું.

પંકજ ગાંધીની સ્ટ્રકટર ડિઝાઈનનું નોલેજ સરકારમાં અને સરકાર બહાર પણ વિશેષ સન્માન ધરાવે છે. હાલમાં જ બોપલ પાસે બની રહેલો બ્રીજ અને ઓઢવ પાસેનો બ્રીજ એમની જ રાહબરી હેઠળ આકાર પામી રહ્યો છે.

ગુજરાતમાં કયાંય પણ ૪૫ મીટરથી ઉંચી ઈમારત બનાવવી હોય તો એની ખાસ મંજુરી લેવી પડતી હોય છે. પંકજ ગાંધીએ એક્ષપર્ટની કમિટીમાં સ્થાન પામ્યા છે. મહાત્મા મંદિરે બની રહેલા ઓવરબ્રિજમાં પણ એમણે પોતાનું ભેજુ કસ્યું છે.

રમત ગમતના શોખીન તેઓ બિડમિન્ટન અને સ્વિમિંગમાં સ્ટેટ લેવલે ઈનામ જીતેલા છે. માઉથ ઓર્ગન ખૂબ જ સરસ વગાડે છે અને સાથે ગિટાર-વાંસળી પણ એટલી જ સરસ વગાડી જાણે છે. ગુજરાતી સાહિત્યના ચાહક અને ભાવક પંકજ ગાંધી વયનિવૃત્ત થતાં એમણે વિદાય વખતે શાલ-ચાંદીના સિક્કાની જગ્યાએ પુસ્તકો ભેટમાં માંગ્યા હતા. એમની સેકન્ડ ઈનીંગ ખૂબ પ્રવૃત્તિમય બને એવી અઢળક શુભેચ્છા એમને કાર્યાલય અને મિત્રો તરફથી મળી છે.

### જીઆઈપીએસમાં કાર્ટૂન ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ-પ્રાયમરી વિભાગમાં 'કાર્ટૂન ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ-પ્રાયમરી સેકશનના નાના નાના ભૂલકાઓ વિવિધ પ્રકારના કાર્ટૂન માસ્કના આકારો બનાવીને આવ્યા હતા જેમાં એન્ગ્રી બર્ડ, ડોનાલ્ડ, છોટા ભીમ, ચુટકી, સ્પાઈડરમેન, ડોરેમોન, મોટુ-પતલું, ટોમ એન્ડ જેરી, મીકી માઉસ, રાજુ, કાલિયા સહિતના કાર્ટૂન માસ્કના આકારોનો સમાવેશ થયો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓના માતા-પિતા તેમજ શિક્ષકગણોએ પણ વિવિધ પ્રકારના કાર્ટૂન માસ્ક બનાવીને વિદ્યાર્થી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. નાના ભૂલકાઓ માસ્ક પહેરીને આનંદમાં આવી ગયા હતા. 'વધુ પડતા કાર્ટૂન કાર્યક્રમો જોવાથી બાળકના મન તેમજ શરીર ઉપર વિપરીત અસર થાય છે.' એ સંદેશો પાઠવીને શાળામાં કાર્ટૂન ડેની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

## રખિયાલ રોડ પર ધાડપાડુ ટોળકી ત્રાટકી : ત્રણ લાખની લુંટ

### શાકભાજીના વેપારીના પીકઅપ ડાલાને રોકીને ઈકો ગાડીમાં આવેલા ધાડપાડુઓ ગળે છરો મુકી વેપારીને લુંટી ગયા

ગાંધીનગર, તા.૩૦

દહેગામ તાલુકાના રખિયાલ રોડ પર ગઈ રાત્રે ઈકો ગાડીમાં આવેલા ધાડપાડુઓ છરાની અણીએ શાકભાજીના વેપારીને લુંટીને રફફુચક્કર થઈ ગયાની ચકચારી ઘટના બનવા પામી છે. વેપારી શાકભાજીનો માલ ખરીદવા રૂ. ૩ લાખ લઈને જઈ રહ્યા હતા. ધાડપાડુઓ ત્રણ લાખની લુંટ ચલાવી ફરાર થઈ જતા આ મામલે રખિયાલ પોલિસ સ્ટેશનમાં ગુનો નોંધાવા પામ્યો છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા વિસ્તારમાં રહેતા અને શાકભાજી તથા ફળોનો વ્યવસાય કરતાં વેપારી મનિષભાઈ સેવકરામ ખિલવાણી ગઈ રાત્રે પીકઅપ ડાલુ લઈને ધનસુરાથી અમદાવાદ જમાલપુર ખાતે માલસામાન લેવા જઈ રહ્યા હતા. જીજે ૯ વાય ૯૪૫૨ નંબરનું પીકઅપ ડાલુ લઈને શાકભાજીનો જથ્થો ખરીદવા જમાલપુર જઈ રહેલા મનિષભાઈ ડ ાલામાં બાજુમાં બેઠા હતા જયારે તેમનો ડ્રાઈવર ડાલુ ચલાવી રહ્યો હતો. રાત્રે સવા દશ વાગ્યાના અરસામાં તેમનુ ડાલુ રખિયાલ રોડ પર જવાહર નવોદય વિદ્યાલયથી થોડે દુરથી પસાર થઈ રહ્યું હતું તે દરમિયાન પાછળથી એક સફેદ રંગની ઈકો આવી અને ડાલાને આંતરી લીધા બાદ ઈકોમાંથી પાંચથી છ શખ્સો હાથમાં છરા અને લાકડીઓ લઈને ઉભા હતા મનિષભાઈના ગળે છરો મુકીને ડાલામાં પડેલી રૂ. ૩ લાખ ભરેલી થેલીને લુંટી લઈને ધાડપાડુઓ ઈકોમાં બેસી પલાયન થઈ ગયા હતા. અત્રે પોલીસને ઘટનાની જાણ થતા નાકાબંધી કરી પરંતુ લુંટારૂઓ હાથ લાગ્યા ન હતાં. આ બનાવ સંદર્ભે વેપારીની ફરિયાદ આધારે રખિયાલ પોલીસે ગુનો દાખલ કરીને પીએસઆઈ એચ.જી. દેસાઈએ તપાસ શરુ કરી છે.

### વાતવાતમાં

● ગાંધીનગર શહેર ફિલ્મ નિર્માતાઓ માટે પસંદગીનું લોકેશન બની રહ્યું છે. તાજેતરમાં શહેરના ઈન્ફોસીટી વિસ્તારમાં એનઆઈસીએમ ઈન્સ્ટિટયુટ ખાતે આગામી ગુજરાતી ફિલ્મ 'લપેટ'નું શુટિંગ યોજાયું હતું.

● અમદાવાદમાં રવિવારે યોજાનાર દલિત મહારેલીના પગલે પોલીસ દ્વારા ગાંધીનગર-અમદાવાદને જોડતા તમામ માર્ગે નાકા-પોઈન્ટ બનાવવા સાથે એક અન્ય ટીમને સ્ટેન્ડ ટુ રહેવા આદેશો આપવામાં આવ્યા છે. દરેક નાકા-પોઈન્ટ પર એક પીએસઆઈ સહિત કર્મીઓ દરેક વાહનની ઝીણવટભરી તપાસ કરશે.

● ગાંધીનગર સરખેજ હાઈવે પર ભર બપોરે અડાલજ પોલીસ સ્ટેશન સામેના ભાગે લકઝરી બસ અને ટ્રક વચ્ચે એક કારને બંને તરફથી અકસ્માત થતા ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજાઓ થવા નહોતી પામી.

● મહાત્મા મંદિરથી સ્વર્ણિમ પાર્કનું લોકેશન યુવાઓમાં ખૂબ જ ફેવરિટ બની રહ્યું છે. યુવાનોના એક ગૃપ દ્વારા પોતાના મિત્રની બર્થ ડે પાર્ટી મહાત્મા મંદિર પાસે ઉજવવામાં આવી હતી. જેમાં મસ્તીએ ચઢી એકબીજાના ચહેરા પર કેક લગાડતા યુવા મિત્રોને જોઈ અનેક વાહનચાલકો આશ્ચર્ય પામી રહ્યા હતા.

## આજે નવ પરગણા ગરો બ્રાહ્મણ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩૦

નવ પરગણા ગરો બ્રાહ્મણ સમાજના ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા પરિવારોનું એક સંગઠન બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ગાંધીનગર શહેરમાં વસતા નવ પરગણા ગરો બ્રાહ્મણ સમાજના પરિવારોના પ્રતિનિધિઓની એક બેઠક તા. ૩૧ જુલાઈને રવિવારે બપોરે ૧૨.૦૦ કલાકે ડૉ.આંબેડકર ભવન, સે-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે. આ બેઠકમાં નગરજનોને ઉપસ્થિત રહેવા સૂચિત સંગઠનના મુખ્ય સંયોજકો પ્રવીણભાઈ શ્રીમાળી અને દુષ્યંતભાઈ શ્રીમાળી દ્વારા જણાવાયું છે. આ સંગઠનમાં હોદ્દેદારો અને આગામી કાર્યક્રમોની ચર્ચા કરીને નિર્ણયો કરવામાં આવશે.

## ગાંધીનગર શહેરીજન સંસ્થાની ૭મીએ બેઠક

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૭-ડીના ૭૫ વર્ષ પુરા કરનાર સભ્યોનું તેમજ ધોરણ ૧ થી ૧૦ અને ધોરણ-૧૨ના સેકટર-૭-ડી ગાંધીનગર શહેરીજન સંસ્થાના સંતાનો/પૌત્રાદીઓનું સન્માન ઓગષ્ટ માસના ત્રીજા રવિવારે રાખવા માટે વિચારેલ છે. જે અંગે ગાંધીનગર શહેરીજન સંસ્થા સે-૭-ડી તથા ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સે-૭-ડીની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૭મી ઓગષ્ટના રોજ સાંજે પાંચ કલાકે ચૌધરી શાળાના હોલમાં રાખવામાં આવેલ છે.

ઉપરોકત બંને સંસ્થાના સભ્યોને આ મીટીગમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. તેજસ્વી તારલાઓના સન્માન અંગે કાર્યક્રમ નક્કી કરવો, ૭૫ વર્ષ પુરા કરનાર વયસ્ક સભ્યશ્રીઓનું સન્માન કરવા માટે તથા મહેમાનોને બોલાવવાની ચર્ચા વિચારણા કરવામાં આવશે તેમ પ્રમુખશ્રી જે.જી. ભટ્ટ, સે-૭-ડી ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળે જણાવેલ છે.

## તાવરિયાજી ગૃપ દ્વારા લયબધ્ધ શ્વસનના નિઃશુલ્ક કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

તાવરિયાજી ગૃપ દ્વારા આગામી તા. ૨ ઓગષ્ટને મંગળવારના રોજ સવારના ૮.૦૦ થી ૯.૦૦ કલાક દરમિયાન સેકટર-૧૨, બલરામ મંદિર ખાતે લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યના નિઃશુલ્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિકની પ્રત્યક્ષ તથા નિદર્શન દ્વારા સમજ આપવામાં આવશે. જેનો લાભ લેવા નગરજનોને જણાવાયું છે.

## સે-૩-ન્યુ ખાતે આધારકાર્ડ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૩-ન્યુ વસાહત મંડળના ઉપક્રમે સેકટર-૩-ન્યુના વસાહતીઓ અને આજુબાજુના સેકટરના વસાહતીઓ કે જેઓ આધાર કાર્ડ મેળવવામાં બાકી હોય તેવા તમામ વસાહતીઓ માટે સેકટર-૩-ન્યુ ખાતે તા. ૨૪-૭-૧૬થી ૨૮-૭-૧૬ સુધી આધાર કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સેકટર-૩-ન્યુ તથા આજુબાજુના લગભગ ૫૦૦ જેટલા વસાહતીઓએ આધારકાર્ડ મેળવવાની પ્રક્રિયાનો લાભ લીધો હતો.

આ કામગીરીમાં સાથ અને સહકાર આપવા બદલ આધારકાર્ડ કામગીરીના તંત્ર અને કર્મચારીઓનો ઘણો જ સાથ અને સહકાર મળ્યો હતો. વસાતીઓએ પણ આ કાર્યક્રમને સફળ બનાવવા સહકાર આપ્યો હતો જે બદલ વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા, મહામત્રી દુષ્યંતકુમાર શ્રીમાળી તથા અન્ય હોદ્દેદારોએ સર્વેનો ખુબ આભાર માન્યો હતો.

## સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર-ચિલોડા ખાતે મોન્સુક ધમાકા-૨૦૧૬ની ભવ્ય ઉજવણી





ગાંધીનગર, તા.૩૦

ઉનાળાની અસહ્ય ગરમીને સહન કર્યા બાદ ચોમાસાની ખૂબ આતુરતાપૂર્વક રાહ જોવાય છે. ઈશ્વરના આશીર્વાદ રૂપી વરસાદની જયારે શરૂઆત થાય છે ત્યારે પૃથ્વી પરના દરેક જીવો મન મૂકીને તેને વધાવી લે છે. વર્ષાઋતુને રંગીલા મિજાજ સાથે માણવાનો આનંદ અનેરો છે.

આવા જ થીમ સાથે સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર ચિલોડાના પ્રાંગણમાં તા. ૩૦-૭-૨૦૧૬ના રોજ 'મોન્સુન ધમાકા-૨૦૧૬'ની ઉજવણી કરવામાં આવી હતી.

ઉજવણી દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાના સ્ટોલમાં વિવિધ ખાણી પીણીની વાનગીઓ પીરસીને સૌને ખૂબ આનંદ કરાવ્યો. વર્ષાઋતુના આ વાતાવરણમાં વિદ્યાર્થીઓએ પણ મકાઈ, વિવિધ પ્રકારના ભજીયા, પાણીપુરી-ભેળ-સમોસાને મન મુકીને આરોગ્યા હતા.

અત્રે એ નોંધનીય છે કે સ્ટોલમાંથી એકત્રિત થયેલ ફંડનો કેન્સર પિડિત દર્દીઓ માટે ઉપયોગ કરવાના સંસ્થાના આ ઉમદા હેતુ સાથે જીવનના ઘણા અગત્યના પાસાઓને આવરી લેતા સંસ્કાર સિંચનના આ કાર્યક્રમમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી તથા ટ્રસ્ટી ગણે, શાળાના પ્રિન્સિપાલ-શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન આપી બિરદાવ્યા હતા.

## ગાંધીનગરમાં 'સ્પાર્કસ-૨૦૧૬' ઈન્ટર સ્કૂલ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

શાળાકીય અભ્યાસ સાથે સાથે જીવનમાં બહુમુખી પ્રતિભા ખીલવવા માટે અભ્યાસોત્તર પ્રવૃત્તિઓનું પણ એટલું જ મહત્વ છે. બાળકો શિક્ષણ ઉપરાંત પોતાનામાં રહેલી આંતરિક શકિતઓને બહાર લાવી પોતા ની પ્રતિભાને વધુ નિખારે તેમજ કલાક્ષેત્રે ભેજાની છુપાયેલી આવડતને મંચ આપી સુષુપ્ત ક્ષમતા જગાવવાના હેતુથી લાયન્સ કલબ ઓફ ગાંધીનગર તથા સે-૨૧ની માઉન્ટ કાર્મેલ સ્કૂલ દ્વારા 'સ્પાર્કસ ઈન્ટર સ્કૂલ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા. ૧લી થી ૩જી ઓગષ્ટ દરમિયાન દરરોજ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ વાગ્યા દરમિયાન સે-૨૧માં માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે યોજાશે. આ સ્પર્ધામાં શહેરની ૨૨ શાળાઓ ભાગ લેશે.

સ્પાર્કસ ૨૦૧૬ની આયોજન સમિતિના અધ્યક્ષ મહર્ષિ રાવલે જણાવ્યું હતું કે અભ્યાસકાળ દરમિયાન સ્કૂલ તરફથી શિક્ષણ ઉપરાંત સર્વાંગીકરણ વિકાસનું અમુલ્ય ભાથુ મળ્યું હોય છે. આ અણમોલ સંસ્મરણોને વાગોળવા અને શાળા પરિવાર પ્રતિ આભારની લાગણી અનુભવતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંગઠન વતી આ આયોજન કરવામાં આવ્યું છે. માઉન્ટ કાર્મેલ સ્કૂલના વર્ષ ૨૦૧૫-૧૬ની બેચના વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત ઈન્ટર સ્કૂલ સાંસ્કૃતિક અને સાહિત્યિક સ્પર્ધા 'સ્પાર્કસ-૨૦૧૬'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં શહેરની ૨૨ શાળાઓના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. સ્પર્ધામાં તા. ૧લી ઓગષ્ટે અંતાક્ષરી સ્પર્ધા, ૨જી ઓગષ્ટે 'ગાંધીનગર કા ડ્રામેબાજ'-એક પાત્રિય અભિનય સ્પર્ધા તેમજ અંતિમ દિવસ ૩જી ઓગષ્ટે ગૃપ ડાન્સ સ્પર્ધા યોજાશે. સમગ્ર સ્પર્ધા માઉન્ટ કાર્મેલ સ્કૂલના પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકા તથા લાયન્સ કલબના પ્રમુખ નિમેષ રાવલના માર્ગદર્શન હેઠળ યોજાશે. સ્પર્ધામાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા નગરજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય વકતૃત્વ સ્પર્ધામાં વિજેતા બની

ગાંધીનગર, તા.૩૦

નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર ગાંધીનગરમાં જિલ્લા કક્ષાની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેનો વિષય 'ટકાઉ ખાદ્ય સુરક્ષા માટે કઠોળ સંભાવના અને પડકારો' હતો. જેમાં શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગાંધીનગરમાં ધો-૧૦ની વિદ્યાર્થીની પનારા રાજર્ષિ ભાવેશકુમારે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. હવે રાજયકક્ષાએ ભાગ લેનાર છે. આચાર્ય શ્રી સંતોકબેન ચૌધરી, માર્ગદર્શક શિક્ષકશ્રી ધરાબેન પટેલ તથા શિક્ષક પરિવારે અભિનંદન પાઠવેલ છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની પહેલીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની પ્રત્યેક માસના પહેલા સોમવારે મળતી બેઠક તા. ૧લી ઓગષ્ટના રોજ સોમવારે સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને સેકટર-૨૧ના નમન એપાર્ટમેન્ટમાં સાંજે પાંચ વાગે મળશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે તેમ મહામંત્રીશ્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

# ચૌધરી કોલેજમાં મહિલા સશકિતકરણ સેમિનાર યોજાયો

## ચૌધરી મહિલા ડેવલપમેન્ટ સેલ અંતર્ગત જેસી ગૌરવ જોગી તથા પ્રા. પ્રકૃતિ જોષીના વકતવ્યો યોજાયા

ગાંધીનગર, તા.૩૦

ચૌધરી મહિલા ડેવલપમેન્ટ સેલ અંતર્ગત ગાંધીનગરના સેકટર-૭ની ચૌધરી મહિલા કોમર્સ કોલેજમાં મહિલા સશકિતકરણ વિષયે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરના જેસીઆઈના સેક્રેટરી તથા પ્રોવિઝનલ ઝોનલ ટ્રેનર ગૌરવ જોગી તથા ચૌધરી કોલેજના સીડબલ્યુડીસીના ઈન્ચાર્જ પ્રા. પ્રકૃતિ જોષીએ વિદ્યાર્થીનીઓને સંબોધી હતી.

ભારતીય સમાજમાં પુરુષો અને મહિલાઓને સમાન મહત્વ, મહિલાઓને આપવામાં આવતી પ્રાથમિક સુવિધાઓ સ્વ સશકિતકરણ, સ્વાવલંબન અને મહિલાઓ પર થઈ રહેલા અત્યાચારો વિરૂધ્ધ લડત, જેવા મુદ્દે ગૌરવ જોગીએ ચોટદાર વકતવ્ય આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીનીઓને જીવનમાં સ્વાવલંબી બનવા પર ભાર મુકવા સાથે શિક્ષા, સ્વાસ્થ્ય, સામાજિક ન્યાય, સંવેદના અને સમતા વગેરે મુદ્દે વિસ્તૃત છણાવટ કરી હતી. આ પ્રસંગે સીડબલ્યુડીસી ઈન્ચાર્જ પ્રા. પ્રકૃતિ જોષીએ મહિલાઓ ભવિષ્યમાં પ્રાપ્ત થનાર તમામ તકોનો અસરકારક લાભ ઉઠાવી શકે તે માટે વર્તમાન સ્થિતિમાં સુધારો લાવવો આવશ્યક હોવાનું જણાવતા મહિલા સશકિતકરણ પર વિશેષ ભાર મુકયો હતો. આ સેમિનારમાં ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.




## સમસ્ત બ્રહ્મ સમાજની માહિતી પુસ્તિકા તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૩૦

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા સમસ્ત બ્રહ્મ સમાજના પરિવારની માહિતી દર્શાવતી નવી ડીરેકટરી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે પરિવારની તમામ વિગતો માટે એક ફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. સે-૧૬ બ્રહ્મભવન ખાતેથી સવારના ૧૦.૦૦ થી સાંજના ૭.૩૦ કલાક દરમિયાન ફોર્મ મેળવી બ્રહ્મભવન ખાતે જ પરત કરવા અનુરોધ કર્યો છે. ફોર્મ તા. ૧-૮-૨૦૧૬ થી ૧૫-૯-૨૦૧૬ સુધીમાં મેળવી પરત કરવા બ્રહ્મ સમાજના પ્રમુખ પિનાકીન રાવલ દ્વારા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. રાણા કનુજી તખુજી, ઉ.વ. ૪૮
- સ્વ. મણીબેન પૂનમભાઈ મકવાણા, ઉ.વ. ૮૦